ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# ગાંધીનગર રાજ્યમાં સૌથી ગરમ શહેર




## ગાંધીનગર અગ્નજવાળની લપેટમાં : જનજીવન ગરમીથી બેહાલ : આકાશમાંથી વરસતા અંગારાથી શહેરીજનોએ ચામડીને દાહ આપતી ગરમી અનુભવી : મોડી સાંજના અંતે પણ વાતાવરણમાં ઠંડક થતી નથી

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર આજે આકરી ગરમીની ગિરફતમાં આવી ગયુ હતુ. સિઝનની રેકર્ડ બ્રેક ગરમીએ સૌ કોઈને બેચેન કરી દીધા હતા. મહત્તમ તાપમાન ૪૪.૧ ડીગ્રી પહોંચી જતા શહેર અગ્નજવાળની લપેટમાં આવી ગયુ હતુ. આક્રમક ગરમીના લીધે રજાના બે દિવસ દરમિયાન નગરજનો ઘરમાં પુરાયેલા રહેતા આજે પણ બપોરના સમયે શહેરના માર્ગો પર ગરમીની અસરથી સન્નાટો જોવા મળ્યો હતો. ગરમીના લીધે આમ નાગરિકો હીટવેવના શિકાર બન્યા હતા. ગરમીનો પારો રોજબરોજ ઉંચે જતા હોટ સમર હવે ટોક ઓફ ધ ટાઉન સાથે આમ નાગરિકો માટે ચિંતોનો વિષય બની ગયો છે.

ગાંધીનગરનો આકરી ગરમીએ ગિરફતમાં લીધુ છે. ગરમીનો પારો આજે વધુ ઉપર તરફ આગળ વધતા મહત્તમ તાપમાન ૪૪.૧ પહોંચી ગયુ હતુ. સિઝનની રેકર્ડ બ્રેક તાપમાન સાથે ગાંધીનગર આગના ગોળા સમાન બની ગયુ હતુ. આકરી ગરમીથી શહેરમાં દિવસ દરમિયાન સન્નાટો જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન સતત અસહ્ય લું ફુંકાતા નગરજનો હીટવેવની અસરથી પ્રભાવિત થયા હતા. સવારથી આકરા તાપ વચ્ચે ઘરની બહાર નિકળવાનુ નગરજનોએ ટાળ્યુ હતુ. જયારે કચેરીઓમાં પણ વિશેષ ચહલ પહલ જોવા મળી ન હતી. લું લાગવાના લીધે તબિયત લથડી હોવાના પણ કિસ્સાઓ ધ્યાને આવ્યા હતા. મોસમની મહત્તમ ગરમીએ સૌ કોઈને અગ્નજવાળની લપેટમાં લઈ લીધા હતા. બપોર થતા શહેર અગ્નિની ભઠ્ઠીમાં શેકાતુ હોય તેવો એહેસાસ શહેરીજનોએ કર્યો હતો. નગરના શોપિંગ બજારોમાં પણ ગરમીના લીધે બપોરના સમયે કેટલાક વેપારીઓએ દુકાનો બંધ રાખી હતી. ગરમીએ સૌ કોઈને બેબાકળા કરી દીધા છે. જયારે રોજબરોજ ગરમીનો પારો ઉંચે આવતા હજુ મહત્તમ તાપમાન ક્યાં જઈને અટકશે તે વાતથી શહેરીજનો ચિંતિત છે. વેકેશન દરમિયાન આકરી ગરમીની મોસમ નિખરતા બાળકોને મેદાનમાં રમવા જવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. હીટવેવથી બચવા માટે અનેક નુસખા અજમાવામાં આવી રહ્યા છે. બીજીતરફ તબીબી સુત્રો પણ આ ગરમીમાં બહાર ન નિકળવા માટે સલાહ આપી રહ્યા છે. ગરમીએ નગરને બાનમાં લીધુ છે. જયારે સતત ગરમીનો પારો ઉંચકાતા રાત્રિના સમયે પણ ઠંડક પ્રસરતી નથી. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે બેવડો તફાવત હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. લઘુત્તમ તાપમાન ૨૩.૬ ડિગ્રી રહ્યુ હતુ. પરંતુ સાંજના સમયે જલદીથી વાતાવરણમાં ઠંડક અનુભવાતી નથી. દિવસની ગરમીથી બેચેન શહેરીજનો રાત્રિની ઠંડકમાં આશરો લેવાનુ પસંદ કરી રહ્યા છે. રાત્રિના પણ મોડે સુધી ગરમીનો અહેસાસ કરતા શહેરીજનો હવે ગરમીથી ગળે આવી ગયા છે. સતત હીટવેવના લીધે નાના બાળકો તેમજ સિનિયર સિટીઝન્સ અકળાઈ રહ્યા છે.

## મનપા ગરમીમાં રક્ષણ માટે ઓ.આર.એસ. પેકેટ્સ આપશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર સહેરમાં વધતા જતા ગરમીના પ્રકોપને ધ્યાને રાખી શહેરમાં જાહેર સ્થાનો પરથી ઓ.આર.એસ.ના પેકટેસનું વિતરણ હાથ ધરવાનો નિર્ણય મનપાએ કર્યો છે. ઓ.આર.એસ. પેકેટ્સ વોટર સ્ટેન્ડ પર ઉપલબ્ધ બનશે. ગરમીના પ્રકોપને ધ્યાને રાખી તંત્રએ આ નિર્ણય લીધો હોવાનું મનપાના મેયર રીટાબેન પટેલે આજે જણાવ્યુ હતુ. તેમણે કહ્યું હતું કે અત્યારે રોજના ૨૦૦થી વધુ પેકેટ્સનું વિતરણ થઈ રહ્યું છે. આ માટેનો પુરતો જથ્થો મનપા પાસે ઉપલબ્ધ હોવાનું જણાવતાં તેમણે કહ્યું કે આગામી દિવસોમાં ગરમીથી સૌને રક્ષણ મળી રહે તેવા નિર્ણયો પણ જરૂર પડ્યે લેવામાં આવશે. ઓ.આર. એસ.નો જથ્થો દિવસ દરમ્યાન દરેક સ્ટેન્ડ પર ઉપલબ્ધ બને તે માટે આરોગ્યની ટીમ સતત કામગીરી કરી રહેલ છે.

## શહેરમાં ઘ-૨ સ્થિત કડિયાનાકુ હવે ગ-૦એ ખસેડવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૯

કડિયાનાકુ 'ગ' ૦ નજીક ખસેડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેવી સ્પષ્ટતા આજે મનપા દ્વારા કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## સરકારી આવાસોમાં બિન અધિકૃત કબજાના મામલે સો કિસ્સામાં કોર્ટ કેસ

### જુના અને કંગાળ આવાસો તોડવા માટે મકાનો ખાલી કરાવાનુ તંત્ર માટે શિરદર્દ સમાન : બિનઅધિકૃત કબજેદારો પણ વધુ હોવાનો આક્રોશ

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકની દ્રષ્ટીએ જોખમી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયા બાદ હાલ આ આવાસો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. જયારે બીજીતરફ તંત્ર દ્વારા સરકારી આવાસો ખાલી કરાવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. જો કે હજુ શહેરના આવાસોમાં બિનઅધિકૃત કબજેદારોનો પગપેસારો હોવાનુ ધ્યાને આવ્યુ છે. આ મામલે અત્યાર સુધી ૧૦૦ જેટલા કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરી કાર્યવાહી હાથ ધરાઈ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

શહેરના સેકટરોમાં સ્થિત દાયકાઓ જુના સરકારી આવાસો પૈકી મોટાભાગના મકાનો જોખમી હાલતમાં છે. જયારે આવાસોની આ સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા તબક્કાવાર મકાનો તોડવા માટેની પણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. સરકારી આવાસો જોખમી અને કંગાળ હાલતમાં હોવાથી કેટલાક મકાનોનુ રીનોવેશન પણ તબક્કારવા હાથ ધરવામાં આવે છે. આવા સંજોગોમાં કર્મચારીઓ પાસેથી આવાસો ખાલી કરાવાનુ કામ પણ મુશ્કેલ બન્યુ છે. માર્ગ મકાન વિભાગ પાસે કર્મચારીઓને ફાળવી શકાય તેવા રહેણાંકને લાયક મકાનોની સંખ્યા પણ ઘણી ઓછી છે. ત્યારે કર્મચારીઓની વધતી પ્રતિક્ષા યાદી વચ્ચે આવાસોની ફાળવણીનુ કામ પણ મુશ્કેલ બન્યુ છે. બીજીતરફ શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં હજુ બિન અધિકૃત વસવાટ હોવાની ફરિયાદો દુર થઈ નથી. તંત્ર દ્વારા સમયાંતરે આ મામલે તપાસ હાથ ધરી જરૂરી કીસ્સામાં કોર્ટ કેસ પણ દાખલ કરવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

## મનપા દ્વારા સેકટરોની સફાઈ દ્વારા ૪૦૦ ટનથી વધુ કચરાનો નિકાલ કરાયો

### ૧૬મી એપ્રીલથી આરંભાયેલ અભિયાનમાં ૧૧૧૧ કર્મચારીઓ જોડાયા હતા : જેમાં ૧૧ સેક્ટરો અને ધોળાકુવાનો વિસ્તાર આવરી લેવાયો હતો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મનપા દ્વારા શહેરના વિવિધ સેકટરોની આંતરિક સફાઈ કરી ૪૦૦ ટનથી વધુ કચરાનો નિકાલ કર્યો છે.

મેયર રીટાબેન પટેલે આજે પત્રકારો સાથેની ઔપચારિક વાતચીત દરમ્યાન જણાવ્યુ હતુ કે સ્વચ્છ શહેર બનાવવા માટે આંતરિક સફાઈની કામગીરી એક ઝુંબેશરૂપે હાથ ધરવામાં આવી છે. ૧૬મી એપ્રિલથી આ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

તેમણે કહ્યુ કે ૧૧ સેક્ટરોમાં આ કામગીરી સંપન્ન થઈ છે. આ ઉપરાંત શહેરમાં સમાવિષ્ટ ધોળાકુવા ગામનો પણ આ યાદીમાં સમાવેશ થાય છે. તેમણે જણાવ્યુ હતુ કે આ સઘન અભિયાનમાં ૧૧૧૧ જેટલા કર્મચારીઓ જોડાયા છે.

જે કર્મયોગીઓ જોડાયા છે તેમાં ૯૮૯ સફાઈ કામદારો, ૬૧ સુપરવાઈઝર, ૨૬ સેનેટરી ઈન્સ્પેક્ટર સહિતનો સમાવેશ થાય છે.

તંત્રએ જે આંતરિક સફાઈની કામગીરી કરી છે તેમાં બિલ્ડીંગ વેસ્ટ, ગાર્ડન વેસ્ટ, સોલિડ વેસ્ટનો નિકાલ કર્યો છે. તેમણે જણાવ્યુ કે ૨૦૦ ટન જેટલો સોલિડ અને ગાર્ડન વેસ્ટનો સમાવેશ થાય છે.

આ અભિયાન માટે ૧૨૩ જેટલા સાધનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેમાં ૬૪ ટ્રેક્ટર, ૨૩ જેસીબી, ૮ આઈશર, ૧૬ ડમ્પર અને ૩ વોટર ટેન્કરનો સમાવેશ થાય છે.

સ્વચ્છ નગર અભિયાન સતત ચાલુ રહેશે તેવુ જણાવતા તેમણે કહ્યુ હતુ કે આ અભિયાન ૧૭મી મે સુધી ચાલશે. આ પછી બીજા તબક્કાનું અભિયાન હાથ ધરવામાં આવશે. સ્વચ્છનગર એ અમારૂ લક્ષ્ય છે.

રીટાબેન પટેલે જણાવ્યુ હતુ કે સ્વચ્છતા સર્વેક્ષણમાં આપણુ નગર સમગ્ર દેશમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કરે તે માટેના પ્રયાસોમાં કોઈ કચાશ છોડવામાં આવશે નહિ.




**બેસણું**

અમારા પૂજ્ય મોટાભાઈશ્રી **હિંમતભાઈ જે.કારીઆ** નું તા.૨૯-૪-૨૦૧૯ને સોમવારના રોજ દુખ:દ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૩૦-૪-૧૯ને મંગળવારના રોજ સાંજે ૫ થી ૭ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : જલારામ મંદિર, સેક્ટર-૨૯, ગાંધીનગર**

ઉમંગ હિંમતભાઈ કારીઆ

રવિ એસ. કારીઆ — શશીભાઈ જે. કારીઆ(ભાઈ)

નિસર્ગ એસ. કારીઆ — શૈલેષ જે. કારીઆ (ભાઈ)

તાપસ આર. કારીઆ — રમેશ જે. કારીઆ (ભાઈ)

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે

લિ.સ્વ.ભાણજી ગણેશ નથવાણી રાજકોટના કુટુંબીજનો

ગાંધીનગર માટે LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન કરો

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬


# રાજ્યમાં પીવાના પાણીનો પુરતો જથ્થો છે

### પાણી પુરતા પ્રમાણમાં નાગરિકોને મળે તે હેતુ છે : નાયબ મુખ્યમંત્રી : ૩૦મી જુલાઈ ૨૦૧૯ સુધી પીવા, ઘરવપરાશના પાણી માટે પુરતું આયોજન કરાયું છે : હાલમાં દરરોજનું ૩૭૫ કરોડ લીટર પીવાના પાણી માટે વિતરણ

ગાંધીનગર, તા.૨૯

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, રાજ્યના ૬ કરોડથી વધુ નાગરિકોને પીવાનું પાણી પુરુ પાડવું તે રાજ્ય સરકારની પ્રાથમિકતા રહી છે. નર્મદા યોજનામાં ઉપલબ્ધ પાણીનો જથ્થો રાજ્યના નાગરિકોને પહોંચે તે માટે રાજ્ય સરકારે સઘન આયોજન કર્યું છે. જેના પરિણામે આવનાર ઉનાળાના સમયમાં નાગરિકોને પીવાના પાણીની કોઈ તકલીફ નહી પડે. ઉનાળા દરમ્યાન રાજ્યના નાગરિકોને પુરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી રહે તે માટે નર્મદા ડેમમાં પુરતું પાણી ઉપલબ્ધ છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું કે, રાજ્યમાં દરરોજ ૩૭૫ કરોડ લીટર નર્મદાનું પાણી પીવાના ઉપયોગ માટે આપવામાં આવે છે જે ગયા વર્ષ કરતાં દરરોજનું ૫૦ કરોડ લીટર વધારે છે. તે પૈકી ઢાંકી, માળિયા, વલ્લભીપુર કેનાલ, પરિયેજ-કનેવાલ દ્વારા હાલ ૧૯૦ કરોડ લીટર પાણી કચ્છ અને સૌરાષ્ટ્રને આપવામાં આવે છે, જે ગત વર્ષ કરતાં ૨૦ કરોડ લીટર જેટલું

● અનુસંધાન પાન-૭ પર




**Gujarat State Petronet Limited**
Corporate Identity Number : L40200GJ1998SGC035188

**Regd Office:** GSPC Bhavan, Sector-11, Gandhinagar - 382 010 **Tel:** +91-79-23268500 / 66701001 **Website:** www.gspcgroup.com **Email:** investors.gspl@gspc.in

**NOTICE**

Pursuant to Regulation 47(1) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Thursday, the 9th May, 2019, inter-alia, to consider and take on record the Audited Financial Results of the Company for the Quarter & Year ended on 31st March, 2019 and to recommend dividend, if any, for the financial year 2018 - 19. The said intimation is also available on the Company's website viz. www.gujpetronet.com and may also be available on the website of Stock Exchanges at **www.bseindia.com** and at **www.nseindia.com.**

For Gujarat State Petronet Limited
sd/-
Reena Desai
Company Secretary

Place: Gandhinagar
Date: 29th April, 2019


## જેઈઈ એડવાન્સ માટે ત્રીજીથી ઓનલાઈન રજિસ્ટ્રેશન

અમદાવાદ,તા. ૨૯

આઈઆઈટી અને એનઆઈટીમાં પ્રવેશ માટેની જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામ એડ્વાન્સ -જેઈઈ એડ્વાન્સ પરીક્ષા તા.૨૭ મે રોજ લેવાશે. તેના માટે વિદેશના વિદ્યાર્થીઓની રજિસ્ટ્રેશનની પ્રક્રિયા હાલમાં શરૂ કરી દેવાઈ છે. જયારે ભારતીય વિદ્યાર્થીઓ માટે જેઈઈ એડ્વાન્સ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયા તા.૩ જી મેથી શરૂ થઈ અને તા.૯ મી મે સુધી કરવામાં આવશે.

જેઈઈ એડવાન્સ પરીક્ષાને લઈ વિદ્યાર્થીઓ પણ તૈયારીમાં લાગ્યા છે. જેઈઈ મેઈન્સના આધાર પર એડ્વાન્સ આપવાની યોગ્યતા રાખનાર વિદ્યાર્થી રજિસ્ટ્રેશન કરી શકશે. રજિસ્ટ્રેશન ફી સામાન્ય અને ઓબીસીમાં આવતા વિદ્યાર્થીઓ માટે રૂ ૨૬૦૦, એસ સી એસટી અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૩૦૦ રાખવામાં આવી છે. જેઈઈ એડ્વાન્સ વેબસાઈટ પર ઓનલાઈન મોક ટેસ્ટ લિંક જાહેર કરવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને કમ્પ્યૂટર બેઈઝડ ટેસ્ટથી માહિતગાર કરવાનો છે.





DAY CARE - PLAY GROUP - SENIOR KG
JUNIOR KG - NURSERY

Call Us For More Detail
+91 99789 77011 / +91 75758 06832
Bungalow No.55, Saptarushi Society, Bh. Krishna Kunj Apartment, Opposite NID, Kudasan, Gandhinagar - 382 421
www.craayonspreschool.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Kisan — ashirvad — BENELAVE — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ**®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com